Sunday
16.02.2025
✳Volume :9 ✳ Issue No.213
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ પર સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

## મોદી સરકાર દેશવાસીઓને ઝડપી અને પારદર્શક ન્યાય વ્યવસ્થા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે

**મહારાષ્ટ્ર સરકારે રાજ્યના તમામ કમિશનરેટમાં નવા ફોજદારી કાયદાઓ શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવા જોઈએ**

**મહારાષ્ટ્રએ નવા કાયદાઓ અનુસાર એક મોડેલ ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન સિસ્ટમ સ્થાપિત કરવી જોઈએ**

**૭ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૦ ટકાથી વધુ સજા દર પ્રાપ્ત કરવા માટે પ્રયાસો કરવા જોઈએ**



## કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે, ગુનાઓ નોંધવા જરૂરી છે, FIR દાખલ કરવામાં કોઈ વિલંબ થવો જોઈએ નહીં

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ પર સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યમાં પોલીસ, જેલ, કોર્ટ, પ્રોસિક્યુશન અને ફોરેન્સિકને લગતી વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, મુખ્ય સચિવ અને મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક, બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (બીપીઆરડી)ના મહાનિદેશક, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી)ના મહાનિદેશક અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે મોદી સરકાર દેશવાસીઓને ઝડપી અને પારદર્શક ન્યાય પ્રણાલી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાને મજબૂત કરવા માટે ગુનાઓ નોંધાય તે જરૂરી છે, તેથી એફઆઈઆર દાખલ કરવામાં કોઈ વિલંબ ન થવો જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે મહારાષ્ટ્રએ નવા ફોજદારી કાયદાઓને અનુરૂપ એક મોડેલ ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન સિસ્ટમની સ્થાપના કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૭ વર્ષથી વધુની સજા ધરાવતા કેસોમાં દોષિત ઠરવાનો દર ૯૦ ટકાથી વધુ હાંસલ કરવા માટેના પ્રયાસો કરવા જોઈએ તથા પોલીસ, સરકારી વકીલો અને ન્યાયતંત્રે સાથે મળીને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે દોષિતોને શક્ય તેટલી ઝડપથી સજા થાય. ગૃહમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સંગઠિત અપરાધ, આતંકવાદ અને મોબ લિન્ચિંગના કેસો પર નિયમિતપણે નજર રાખવી જોઈએ, જેથી આ અપરાધો સાથે સંબંધિત કલમોનો દુરુપયોગ અટકાવી શકાય. તેમણે નોંધ્યું હતું કે, જેલ, સરકારી હોસ્પિટલો, બેંકો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (એફએસએલ) વગેરે જેવી સુવિધાઓમાં વીડિયો કોન્ફરન્સિંગ મારફતે પુરાવા નોંધવાની વ્યવસ્થા હોવી જોઈએ. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે, ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ (સીસીટીએનએસ) મારફતે બે રાજ્યો વચ્ચે એફઆઈઆર ટ્રાન્સફર કરી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. તેમણે ભલામણ કરી કે મહારાષ્ટ્રએ સીસીટીએનએસ ૨.૦ અને આઈસીજેએસ ૨.૦ અપનાવવું જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, પોલીસે ઈલેક્ટ્રોનિક ડેશબોર્ડ પર પૂછપરછ માટે કસ્ટડીમાં રાખવામાં આવેલી વ્યક્તિઓ વિશેની માહિતી પૂરી પાડવી જોઈએ. તેમણે પોલીસ સ્ટેશનોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે, દરેક પોલીસ સબ-ડિવિઝનમાં ફોરેન્સિક સાયન્સ મોબાઈલ વાનની ઉપલબ્ધતા સુનિશ્ચિત થવી જોઈએ. ગૃહ પ્રધાને ફોરેન્સિક નિષ્ણાતોની ભરતી પર ભાર મૂક્યો હતો અને ફોરેન્સિક વિભાગમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની વિનંતી કરી હતી. શ્રી અમિત શાહે મહારાષ્ટ્ર સરકારને રાજ્યની ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમને નેશનલ ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (એનએએફઆઈએસ) સાથે સંકલિત કરવાની અપીલ કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પોલીસે નવા ફોજદારી કાયદાની જોગવાઈઓ અનુસાર ગુનેગારો પાસેથી મેળવેલી મિલકત તેના હક્કદાર માલિકને પરત આપવા માટે એક સિસ્ટમ સ્થાપિત કરવી જોઈએ. તેમણે પોલીસ સ્ટેશનોને સૌંદર્યલક્ષી રીતે વધુ આનંદદાયક બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને રાજ્યમાં નવા ફોજદારી કાયદાઓના અમલની દ્વિ-સાપ્તાહિક સમીક્ષા કરવી જોઈએ, જ્યારે મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકે સાપ્તાહિક સમીક્ષા કરવી જોઈએ.


# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૩મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ આધારિત ઉદ્યોગોને નવી દિશા આપી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવ્યું છેઃ મુખ્યમંત્રી શ્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



**દેશભરમાં ગુજરાત ૮૫ ટકા કરતા વધુ કેસ્ટરનું ઉત્પાદન કરતું રાજ્ય : ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત**










**:: મુખ્યમંત્રીશ્રી ::**

- વડાપ્રધાનશ્રીએ ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું તેથી કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે
- એરંડા ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે
- વર્લ્ડ કેસ્ટર માર્કેટમાં ગુજરાતનો સિંહફાળો છે
- વડાપ્રધાનશ્રીના માળખાકીય વિકાસના અને નીતિગત પ્રયાસોથી ગુજરાતમાં એરંડાના વાવેતર વિસ્તારમાં માતબર વધારો થયો
- રાજ્ય સરકારે એરંડાના ઉત્પાદન અને નિકાસની સાથે નવી ટેક્નોલોજી અને સંશોધન દ્વારા ઉત્પાદન ક્ષમતા વધારવા પ્રાથમિકતા આપી છે







## સૌથી વધુ કેસ્ટર ઉત્પાદન-નિકાસ કરતાં ખેડૂતો-ઉદ્યોગોને એવોર્ડ્સ એનાયત કરાયા

કમલમ્

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે "૨૩મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૨૫"નો શુભારંભ ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. "કેસ્ટરઃ પાવરીંગ સસ્ટેનેબલ સોલ્યુશન્સ ફોર અ ગ્રીનર ફ્યુચર" થીમ સાથે સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશન (SEA) દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં ૧૫થી વધુ દેશોના ૪૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે સારી કૃષિ પદ્ધતિઓ દ્વારા એરંડા બીજમાં સતત ઉચ્ચ ઉત્પાદકતા માટે ૪ ખેડૂતોને 'શ્રી વિઠ્ઠલભાઈ જી. ઉદેશી' કેસ્ટર ઈનોવેશન એવોર્ડ તેમજ વર્ષ-૨૦૨૪ માટે સૌથી વધુ કેસ્ટર ઓઈલ નિકાસ, સૌથી વધુ કેસ્ટર ડેરિવેટિવ્સ નિકાસ તથા ભારતમાંથી સૌથી વધુ કેસ્ટર ઓઈલ આયાત કરનાર અન્ય દેશના ઉદ્યોગકારોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ આધારિત ઉદ્યોગોને નવી દિશા આપી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે હંમેશા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતાઓ અપનાવી છે. તેમના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું છે. તેમણે ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેના પરિણામે કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના એરંડા ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતો અને એરંડા પ્રોસેસિંગ-ઉત્પાદન સાથે સંકળાયેલા ઉદ્યોગોને "રાજ્ય સરકાર હંમેશા તમારી પડખે છે" એમ જણાવી જરૂરી મદદ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એરંડા જેવા પરંપરાગત કૃષિ પાકો અને ઉત્પાદનોના વેલ્યૂ એડિશન કરવા સાથે સમયને અનુરૂપ નવતર આયામો અપનાવ્યા છે. આજે વર્લ્ડ કેસ્ટર માર્કેટમાં પણ ગુજરાત સિંહફાળો ધરાવતું સ્ટેટ છે. વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં એરંડા ક્ષેત્રને વધુ સુદ્રઢ અને સક્ષમ કરવાના પ્રયાસો સફળ થયા છે. ૨૦૦૩માં ગુજરાતમાં માત્ર ૨૯૦૦ હેક્ટર વિસ્તારમાં એરંડાનું વાવેતર થતું હતું. પરંતુ મોદી સાહેબના માળખાકીય અને નીતિગત પ્રયાસોથી ૨૦૨૪માં આ વાવેતર લગભગ ૭૨૦૦થી વધુ હેક્ટરમાં થવા લાગ્યું છે તેની પણ વિગતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ, કોસ્મેટિક્સ, લ્યુબ્રિકન્ટ્સ અને બાયોડીઝલ જેવા અનેક ક્ષેત્રોમાં એરંડાનો ઉપયોગ વ્યાપકપણે વધ્યો છે, તેથી તેની માંગ દિન-પ્રતિદિન વધી રહી છે અને વેલ્યૂ એડિશનની જરૂરિયાત ઊભી થઈ છે. વિશ્વભરના બજારોમાં, ગુજરાતના એરંડાના તેલની વિશ્વસનીયતા અને ગુણવત્તા ખૂબ મહત્વની છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે એરંડાના ઉત્પાદન અને નિકાસની સાથે નવી ટેકનોલોજી અને સંશોધન દ્વારા ઉત્પાદન ક્ષમતા વધારવા પ્રાથમિકતા આપી છે. તેમણે આ કોન્ફરન્સને માત્ર ઉદ્યોગ કે કૃષિ માટે નહિ, પણ "મેક ઈન ઈન્ડિયા, ગ્રો ઈન ગુજરાત"ના વડાપ્રધાનશ્રીએ આપેલા વિઝન માટેનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. ગુજરાતની ગ્લોબલ એરંડા હબ તરીકેની ઓળખ દ્રઢ કરવાની દિશામાં સમૂહ મંથન કરવામાં આ કોન્ફરન્સ વિશેષ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ કોન્ફરન્સને એરંડા ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતો અને ઉદ્યોગોના વ્યાપક હિતમાં આ ક્ષેત્રનો વધુ સારી રીતે વિકાસ થાય તે માટેનું યોગ્ય પ્લેટફોર્મ ગણાવી હતી. આ કોન્ફરન્સમાં ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વિશ્વમાં કેસ્ટરનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે. દેશમાં સતત ૨૩ વર્ષથી અને ગુજરાતમાં છેલ્લા ૧૮ વર્ષથી કેસ્ટર ઉદ્યોગને વધુમાં વધુ પ્રોત્સાહિત કરી શકાય તે માટે SEA સતત કામ કરી રહ્યું છે. ૨૧મી સદીમાં દુનિયા ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે ખાસ કરીને ગુજરાત ૮૫ ટકા કરતા વધુ કેસ્ટરનું ઉત્પાદન કરતું હોય તેવા સમયે તેમાં વધુ પ્રગતિ થાય તે માટે આ કોન્ફરન્સમાં સતત ચર્ચાઓ કરવામાં આવશે. આ પ્રકારની યોજાતી દરેક કોન્ફરન્સમાં વિચાર વિમર્શ થકી ચોક્કસ સારુ પરિણામ મળે જ છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુમાં, ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં રાજ્યમાં શરૂ કરેલ વાઈબ્રન્ટ ગુજરાત થકી ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલા અનેક રોકાણોના પરિણામે દેશ અને રાજ્યનો ખૂબ વિકાસ થયો છે. ગયા વર્ષે યોજાયેલા વાઈબ્રન્ટ ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અંદાજે રૂ. ૪૫ લાખ કરોડના MOU કરવામાં આવ્યા હતા. આજે ગુજરાત સૌથી વધુ રોજગારી આપતા રાજ્ય સાથે દેશનું હંમેશા વિકાસ મોડલ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં અમલી ૨૦થી વધુ પોલિસીઓના પરિણામે રાજ્યનો વિકાસ અકલ્પનીય રીતે થયો છે. આ કોન્ફરન્સમાં કેસ્ટરનું ઉત્પાદન કરતા ખેડૂતોની સંખ્યા વધારવા અને તેને લાગતાં અન્ય મુદ્દાઓ પર સામૂહિક વિચાર કરવામાં આવશે. ખેડૂતોની ખેતપેદાશોની ગુણવત્તા વધે, ખેતીની આવકમાં વધારો થાય અને તેમને ખેતપેદાશોના સારા ભાવ મળી રહે તે અંગે રિસર્ચ કરવાથી આ કોન્ફરન્સનો હેતુ પરિપૂર્ણ થશે.

આ પ્રસંગે SEA ના ચેરમેન શ્રી શૈલેષ બાલધાએ જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સમાં ઈન્ડસ્ટ્રીઝના દરેક સ્ટેક હોલ્ડરને કેસ્ટરની ડિમાન્ડ-સપ્લાય ચેઈન અને તેને અસર કરતાં વિવિધ મુદ્દાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. ડિમાન્ડ-સપ્લાય ચેઈનના સંતુલનના પરિણામે છેલ્લા બે વર્ષમાં કેસ્ટર ઓઈલની કિંમત સ્થાયી રહી છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં સ્ટેક હોલ્ડર, રિસર્ચ સંસ્થાઓ, એગ્રીકલ્ચર યુનિવર્સિટી સહિત સરકારના અથાગ પ્રયત્નોથી કેસ્ટર ઈન્ડસ્ટ્રીઝનું ભવિષ્ય વધુ ઉજ્જ્વળ બનશે. SEA ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આંગશુ મલિકે સ્વાગત પ્રવચન આપતા જણાવ્યું હતું કે, ભારત વિશ્વની માંગના ૯૦ ટકા જેટલું કેસ્ટર સીડનું ઉત્પાદન તેમજ અંદાજે રૂ. ૧૫ હજાર કરોડના કેસ્ટર ઓઈલની નિકાસ કરે છે. આમ ગુજરાત કેસ્ટર સીડનું મુખ્ય ઉત્પાદક રાજ્ય બન્યું છે. આજે આ કોન્ફરન્સમાં કેસ્ટર સીડની ખેતી અને નિકાસ સાથે સંકળાયેલા ખેડૂતો તેમજ ઉદ્યોગોને પ્રોત્સાહન મળી રહે તે માટે પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. 'સોલવંટ એક્સ્ટ્રેક્ટર એસોશિયેશન- SEA' દ્વારા આયોજિત કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'શ્રી વિઠ્ઠલભાઈ જી. ઉદેશી' કેસ્ટર ઈનોવેશન એવોર્ડ તેમજ વર્ષ-૨૦૨૪ માટે સૌથી વધુ કેસ્ટર ઓઈલ નિકાસ, સૌથી વધુ કેસ્ટર ડેરિવેટિવ્સ નિકાસ તથા સૌથી વધુ કેસ્ટર ઓઈલ આયાત કરનાર ખેડૂતો-ઉદ્યોગોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ કોન્ફરન્સમાં SEA ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. બી.વી. મેહતા, કો-ચેરમેન શ્રી ધર્મેન્દ્રસિંહ રાજપૂત સહિત અન્ય એરંડા ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


ગુજરાત સરકાર
Gujarat
સોમનાથ મહોત્સવ
કલા દ્વારા આરાધના
કલા અને સંસ્કૃતિ દ્વારા
આરાધનાનો અલૌકિક ઉત્સવ
શ્રી સોમનાથ મંદિર, ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે વિશ્વભરમાં જાણીતું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર અહીં દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ વર્ષે શિવરાત્રીના મહાપર્વ પર શ્રદ્ધાળુઓ માટે કલા સાથે આરાધનાના ઉદ્દેશ્યથી તા.24 થી 26 ફેબ્રુઆરી, 2025 દરમિયાન શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાના ત્રિ-દિવસીય "સોમનાથ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.
ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા
દિવસ 01 | 24મી ફેબ્રુઆરી
• ડૉ. સોનલ માનસિંહ (પદ્મ વિભૂષણ) દ્વારા આત્મકથા સ્ટ સ્ટ મહાદેવની પ્રસ્તુતિ
• કુ. સુર્યગાયત્રી દ્વારા શિવ ભજન
• વિદુષી રમા વૈદ્યનાથન દ્વારા 'નિભવન'ની પ્રસ્તુતિ
• ડ્રમ્સ શિવમણિ અને શ્રી પંડિત રોનુ મજુમદાર (પદ્મશ્રી) (કીબોર્ડ પર શ્રી અતુલ રાણીંગા)ની જુગલબંદી
દિવસ 02 | 25મી ફેબ્રુઆરી
• શ્રી રામચંદ્ર પુલાવર (પદ્મશ્રી) દ્વારા શેડો પપેટ્રી શો
• વિદુષી સુધા રઘુરામન દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ
• શ્રી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ
• શ્રી અતુલ પુરોહિત દ્વારા ભજન
દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)
• બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગારી મેલમ તથા નિરોશ પરમાર દ્વારા ગુજરાતી લોકનૃત્યની પ્રસ્તુતિ
• શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરાની પ્રસ્તુતિ
• શ્રીમતી રાજશ્રી વોરિયર અને ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ
• શ્રી મૈસુર મંજુનાથ દ્વારા વાયોલિન પ્રસ્તુતિ
• સ્પર્શ સ્ટુડિયો ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ (શ્રીમતી રૂપલ રંગવાળા) દ્વારા 8 શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો દ્વારા શિવ મહિમાની પ્રસ્તુતિ
• પંડિત વિશ્વમોહન ભટ્ટ (પદ્મ ભૂષણ) તથા પંડિત સલિલ ભટ્ટ દ્વારા 'રેઈન સ્કાયલાર્ક'ની પ્રસ્તુતિ
• પંડિત શશાંક સુબ્રમણ્યમ દ્વારા વાંસળી વાદન
• માઇસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા 'રિધમસ્કેપ'
આ શિવરાત્રી ઉજવો શિવભૂમિ ગુજરાતમાં
સોમનાથ મહાદેવ
ભારતના બાર જ્યોતિર્લિંગમાં સૌપ્રથમ માનવામાં આવે છે.
ભવનાથ મહાદેવ
ગિરનારની તળેટીમાં ભવનાથ રૂપે શિવજી બિરાજે છે.
હાટકેશ્વર મહાદેવ
વડનગરમાં સ્થિત હાટકેશ્વર મહાદેવ એક અત્યંત પ્રાચીન અને પૂજનીય મંદિર છે.
નાગેશ્વર મંદિર
ભારતના બાર જ્યોતિર્લિંગમાંથી એક અને ગુજરાતમાં સ્થિત બે જ્યોતિર્લિંગ માંથી એક છે.
સોમનાથ મહોત્સવ
24 થી 26 ફેબ્રુઆરી, 2025
સાંજે 7.00 વાગ્યાથી
સમુદ્રદર્શન પથ પાસેનું મેદાન, સોમનાથ મંદિરની પાસે, ગીર સોમનાથ
www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111
"વાદ્યમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન
સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા
ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન
કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ

